**ફોજદારી કેસ નં. ૮૨૦/૨૦૨૨**

**<u>-: આંક - ૧ લગત હુકમ :-</u>**

આરોપી સામે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫ (એએ) મુજબ ગુનો નોંધવામાં આવેલ છે.

હાલના કેસના સંજોગો જોતા, આરોપી દેશી દારૂ સાથે પકડાઈ જતા, તેમની સામે સબબ ગુનો દાખલ કરવામાં આવેલ છે. આરોપી કેસ કબુલ કરવા માંગતા હોય. આરોપી દ્વારા જણાવવામાં આવેલ છે કે, તેઓ આ ગુન્હો રાજીખુશીથી અને સ્વૈચ્છિક રીતે કબુલ કરવા માંગે છે અને વધુમાં જણાવેલ છે કે અમો મજુર તેમજ ગરીબ વર્ગના માણસ છીએ. તેમજ અમારા કુટુંબની ભરણ પોષણની જવાબદારી અમારા પર હોઈ અમો માંડ માંડ કરીને અમારા કુટુંબનું ભરણપોષણ કરીએ છીએ. અમો કાયદાથી અજ્ઞાત અને અભણ છીએ અને હાલ અમારા કપરા સંજોગો ચાલતા હોય, અમારી સામેનો આ ગુન્હોમાં કસુર બદલ અમો માફી ચાહીએ છીએ, ફરી વખત આવું ન બને તેની અમો તકેદારી રાખીશુ, અમારી ઉપર રહેમ રાખી ઓછો સજા કરવા મહેરબાની કરશોજી.

જે તમામ હકીકત તથા સંજોગોને ધ્યાને લેતા, આજરોજ નેશનલ લોક અદાલતના સ્પેશીયલ શીટીંગમાં આરોપીને ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ-૨૪૧ અન્વયે ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ- ૬૫(એ એ) મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને આરોપીને અંકે રૂપિયા **૧૦૦/-** (રૂપિયા એકસો પુરા) દંડનો હુકમ કરવામાં આવે છે, તેમજ જો દંડની રકમ ન ભરે તો આરોપીને પાંચ (૫) દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ પાવતીમાં જણાવેલ મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.**<u> ૧૨ મી</u>** માહે. **<u>નવેમ્બર </u>** સને. **<u>૨૦૨૨</u>** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૨-૧૧-૨૦૨૨** — **(સુનીલ લલિતકુમાર મહેતા)**

**સ્થળ: ચાણસ્મા** — **જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ,**

**ચાણસ્મા, જજ કોડ નં. જીજે-૦૧૨૨૯**